ગુજરાતના જૈન સમાજને ધાર્મિક
લઘુમતી જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ક્રમાંકઃ લઘસ-૧૦૨૦૧૪-૯૭-અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૭ /૫/૨૦૧૬.

**વંચાણમાં લીધા :-**

(૧) ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એમએનસી/૧૦૭૯/ફ.૩૧/લઉસ તા.૧૪/૧૧/૧૯૭૯

(૨) ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એમએનસી/૧૦૭૯/૭૫૮૬/લઉસ તા.૬/૩/૧૯૮૦

(૩) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એમએનસી/૧૦૮૦/૮૬૩૩૭/લઘુમતી સેલ તા.૬/૧/૧૯૮૧

(૪) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ.

(૫) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૪/૭/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: લઘસ/ ૧૦૨૦૧૧/૧૦૮૬/અ-૧

(૬) ભારત સરકારના લઘુમતી મંત્રાલયની તા.૨૭/૧/૨૦૧૪ ની અધિસૂચના ક્રમાંકઃએસ.ઓ. નં..૨૬૭(ઇ)

**પ્રસ્તાવના**

ભારતના બંધારણમાં આર્ટિકલ-૨૫ થી ૩૦ સુધી વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને ભાષાકીય લઘુમતીઓને તેમના ધર્મ, ભાષા અને સંસ્કૃતિની જાળવણી માટે અધિકારો આપેલા છે. રાજ્ય સરકારે વંચાણે લીધેલ વખતો વખતના ઠરાવોથી મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌધ્ધ પારસી સમાજો/સમુદાયોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપતા આ ધર્મસમૂહોને તેમના ધાર્મિક, ભાષાકીય, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારોની બંધારણીય જોગવાઇ અનુસાર જાળવણી કરી શકે છે અને ધાર્મિક લઘુમતીઓ માટેની સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લઇ શકે છે. ભારત સરકારે તેની તા.૨૭/૧/૨૦૧૪ ની અધિસૂચના ક્રમાંક એસ.ઓ.નં.૨૬૭ (ઇ) થી સમગ્ર દેશ માટે જૈન સમાજ /સમુદાયને ધાર્મિક લઘુમતી તરીકે જાહેર કરેલ છે. કોઇપણ ધર્માવલંબી સમાજને રાજ્ય સરકાર, રાજ્યના ક્ષેત્રાધિકાર માટે ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપવા સક્ષમ છે. વંચાણ (૧) તથા (૨) થી લઘુમતી બોર્ડની રચના કરતી વખતે અને ત્યારબાદ ગુજરાત

સરકારશ્રીએ (૧) મુસ્લીમ (૨) ખ્રિસ્તી (૩) શીખ (૪) બૌધ્ધ અને (૫) પારસી સમાજો/સમુદાયોનો ધાર્મિક લઘુમતીમાં સમાવેશ કરેલો છે. રાજ્ય સરકારને વિવિધ જૈન સમાજના મંડળો / આગેવાનો તરફથી જૈન સમાજ/સમુદાયનો પણ ગુજરાત રાજ્યમાં ધાર્મિક લઘુમતીમાં સમાવેશ કરવા બાબતે વ્યાપક રજૂઆતો મળેલ હતી. કાળજી પૂર્વકની વિચારણાના અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

**ઠરાવ :**

૧. રાજ્યના વર્તમાન લઘુમતી સમાજો /સમુદાયો ઉપરાંત જૈન સમાજ/સમુદાયને પણ ધાર્મિક લઘુમતી તરીકે જાહેર કરવામાં આવે છે.

૨. જૈન સમાજ/સમુદાયની વ્યકિતઓ/વિધાર્થીઓ/લાભાર્થીને જૈન ધાર્મિક લઘુમતી તરીકેના પ્રમાણપત્રો આપવા માટે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ જીલ્લા નાયબ નિયામક (વિ.જા) / જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા) ને અધિકૃત કરવામાં આવે છે.

૩. આવા પ્રમાણપત્રો આપવા માટેનો નમૂનો, પ્રમાણપત્રો આપવાની પધ્ધતિ તથા અરજીપત્રકનો નમૂનો વંચાણ ક્રમાંક-૪ ઉપરના તા.૨૪/૭/૨૦૧૨ના ઠરાવ અનુસાર રહેશે.

૪. આ અંગેના રેકર્ડની જાળવણીની જવાબદારી સક્ષમ સત્તાધિકારીની રહેશે.

૫. જૈન સમાજ/સમુદાયો સહિતના ધાર્મિક લઘુમતીના પ્રમાણપત્રો આપવા માટે કોઇ મુશ્કેલી ઉભી થાય તો તેનું નિવારણ વંચાણ ક્રમાંક -૫ ઉપરના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ અનુસાર જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ લાવવાનું રહેશે.

૬. અરજદારે આવક અંગેના દાખલા લઘુમતિ કલ્યાણની યોજનાઓની શરતો ધ્યાને લઇ ફક્ત આવકના દાખલા આપતાં સક્ષમ સત્તાધિકારીઓ પાસેથી મેળવીને રજૂ કરવાના રહેશે.

૭. ભારત સરકાર સિવાયની ગુજરાત સરકાર હેઠળની કલ્યાણકારી યોજનાઓનો લાભ મૂળ ગુજરાતના હોય તે જૈન સમાજના ઇસમોને જ મળવાપાત્ર રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૬/૫/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી(વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવ શ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવ શ્રી, પંચાયત વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અધિક સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા મંડળ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓંને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓંને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.*
- શાખા સિલેક્ટ ફાઇલ

--------

* પત્ર દ્વારા.

| ફોટો |
|---|

પરિશિષ્ટ .૧

ગુજરાત રાજ્ય

# ધાર્મિક લઘુમતિનું પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજી ફોર્મ

સરકારશ્રીએ જાહેર કરેલ ધાર્મિક લઘુમતિઓ પૈકી........................ માં મારો સમાવેશ થાય છે. મારે રાજ્ય સરકારે લઘુમતિ કલ્યાણ યોજના હેઠળ જાહેર કરેલ મળવાપાત્ર સહાય/લાભ મેળવવા માટે લઘુમતિ પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું નામ/સરનામું, ટેલિફોન (કોડનંબર સાથે)/ મોબાઇલ નંબર | : | |
| ૨ | અરજદારના પિતા/વાલીનું પુરુ નામ | : | |
| ૩ | અરજદારની માતાનું નામ | : | |
| ૪ | અરજદારની ધર્મ અને જાતિ | : | |
| ૫ | અરજદારનું વતન ગામ........................ તા.................... તાલુકો...................... જિ.................... રાજ્ય................... | : | |
| ૬ | અરજદારના પિતાનું જન્મ સ્થળ અને મૂળ વતન ......... તા.............. તાલુકો........ જિ............. રાજ્ય.......... | : | |
| ૭ | બહારના રાજ્યના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ છે) | : | |
| ૮ | પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | : | |
| ૯ | લઘુમતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજુ કરેલા આધાર/પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | : | |

## બાંહેધરી

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાતરી આપુ છું. જે ધ્યાને લઇ મને લઘુમતિનું પ્રમાણપત્ર આપવા વિનંતી. અમોએ મેળવેલ પ્રમાણપત્ર અધિકૃત અધિકારી ધ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટુ સાબિત થાય તો મને મળેલા લાભો કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે, અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટુ પ્રમાણપત્ર/ વિગતો રજુ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

સ્થળ :-................................ અરજદારની પુરી સહી :-

(નામ) .............................

તારીખ :- ............................ પિતા/માતા/વાલીની સહી :-

(નામ)...............................

**લઘુમતિ પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના થતા પુરાવા :-**

૧. અરજદારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, પિતા, કાકા, ફોઇ પૈકી કોઇ એકનો લઘુમતિ પુરવાર થાય તેવો દસ્તાવેજ માંગી શકશે.

૨. અરજદાર લઘુમતિ પૈકીના પુરવાર થતા હોય તેવા અન્ય આધારો.

૩. **રહેઠાણના પુરાવા :-** રહેઠાણના પુરાવા તરીકે લાઇટ બિલ, ટેલિફોન બિલ, રેશનકાર્ડ, ઘરવેરા બિલ, ચૂંટણી ઓળખકાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઇપણ એકની નકલ

**ફકત કચેરીના ઉપયોગ સારૂ**

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદારનું નામ | : | |
| ૨ | ધર્મ અને જાતિ | : | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોય તો નંબર/ તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર/તારીખ | : | |

તૈયાર કરનાર કર્મચારીનું પુરુ નામ/પુરી સહી સક્ષમ અધિકારીનું પુરુ નામ અને હોદ્દો

અધિકારીની સહી અને સિક્કો

सत्यमेव जयते

## ગુજરાત સરકાર

## ધાર્મિક લઘુમતિનું પ્રમાણપત્ર

પ્રમાણપત્ર ક્રમાંક:

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ............................. શ્રી........................ ના પુત્ર / પુત્રી છે. તેઓ ગામ, નગર .............. તા................. જિ. ................ના રહેવાસી છે. તેઓ ............... ધર્મ પાળે છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૪/૧૧/૧૯૭૯ ના ઠરાવ ક્રમાંક: એમ.એન.સી ૧૦૭૯-ફ-૩૧-લઉસ અને ત્યારબાદ વખતોવખતના ઠરાવથી તેમજ રાષ્ટ્રીય લઘુમતિ આયોગ ધારો-૧૯૯૨ હેઠળના જાહેરનામા અન્વયે ધાર્મિક લઘુમતિ તરીકે જાહેર કરેલ છે.

સ્થળ :

સહી :-

તારીખઃ

નામ :-

કચેરીનુ સીલ :-

હોદ્દો :-

(કચેરીના સિક્કા સહિત)

રજૂ કરેલ આધારોની વિગત.

(૧)

(૨)